**તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૭૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૮૯ | ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૬, સોમવાર ; ભાદરવા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ઉરીમાં ભીષણ ત્રાસવાદી હુમલો : ૧૭ જવાનો શહીદ

## તમામ ચારેય આત્મઘાતી હુમલાખોરોને અંતે ઠાર મારી દેવાયા : બારામુલ્લાના ઉરી સેક્ટરમાં વહેલી પરોઢે જ ઇન્ફેન્ટ્રી બટાલિયન કેમ્પ પર કરાયેલા હુમલાથી દેશ હચમચ્યું : વિસ્ફોટકો કબજે : લશ્કરે તોઇબાનું કૃત્ય







શ્રીનગર,નવીદિલ્હી, તા. ૧૮

જમ્મુ કાશ્મીરમાં બારામુલ્લાના ઉરી સેક્ટરમાં આજે સવારે સેનાના ઈન્ફેન્ટ્રી બટાલિયન કેમ્પ ઉપર ત્રાસવાદીઓએ હુમલો કરીને દેશભરમાં ભારે ખળભળાટ મચાવી દીધો હતો. આ હુમલામાં ૧૭ જવાનો શહીદ થયા છે. અનેક જવાનો ઘાયલ થયા છે.સેનાના પ્રવક્તાએ કહ્યું હતું કે, આત્મઘાતી હુમલાખોરો દ્વારા કરવામાં આવેલા આ હુમલા બાદ અથડામણમાં તમામ ચારેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. સવારથી જ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બીજી બાજુ સંરક્ષણ મંત્રી મનોહર પારીકર અને સેનાના અધ્યક્ષ દલબીરસિંહ સુહાગ ઉરી પહોંચી ગયા હતા. ત્રાસવાદી કેમ્પથી

● અનુસંધાન પાન-૭ પર

## ઉરી હુમલા બાદ રાજનાથના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય બેઠક

### રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર, આઈબી પ્રમુખ હાજર : ભાવિ યોજનાની રૂપરેખા તૈયાર : પાકિસ્તાન આતંકવાદી દેશ હોવાનો આક્ષેપ :રાજનાથની અમેરિકાની યાત્રા રદ



શ્રીનગર, નવીદિલ્હી, તા. ૧૮

બારામુલ્લાના ઉરી સેક્ટરમાં ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલા બાદ મોદી સરકાર હચમચી ઉઠી હતી. હુમલા બાદ તરત જ ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ દ્વારા આ ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં ગૃહ સચિવ અને ગૃહમંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં ઉભી થયેલી સ્થિતિ ઉપર ગંભીરતાપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. બીજી બાજુ રાજનાથસિંહે આ હુમલો થયા બાદ રાજ્યના રાજ્યપાલ અને મુખ્યમંત્રી સાથે પણ ફોન ઉપર વાત કરી હતી. આ હુમલા બાદ ઉચ્ચ સ્તરીય બેઠકમાં તમામ ટોચના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાં જુદા જુદા વિષય ઉપર ચર્ચા થઈ હતી. બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવાલ, આઈબી પ્રમુખ સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે ભાવિ યોજનાની રુપરેખા પણ તૈયાર કરવામાં આવી હતી. બેઠક બાદ રાજનાથસિંહે અમેરિકા અને રશિયાના પ્રવાસને ટાળી દેવાની જાહેરાત કરી છે.

## હુમલાના દોષિતોને કોઈપણ ભોગે છોડાશે નહીં : મોદી

### શહીદ થયેલા જવાનોના પરિવાર સાથે સંવેદના છે

શ્રીનગર, નવીદિલ્હી, તા. ૧૮

ઉરીમાં સેના હેડક્વાર્ટર પર કરવામાં આવેલા ભીષણ હુમલા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચેતવણી આપતા કહ્યું છે કે, દોષિતોને કોઈ કિંમતે છોડવામાં આવશે નહીં. તેમણે કહ્યું હતું કે, ઉરીમાં કરાયેલા કાયરતાપૂર્વકના હુમલાને અમે કઠોર શબ્દોમાં વખોડીએ છીએ. મોદીએ કહ્યું હતું કે, તેઓ દેશના લોકોને ખાતરી આપવા માંગે છે કે, આ ઘૃણાસ્પદ હુમલાના દોષિતોને છોડવામાં આવશે નહીં. મોદીએ એમ પણ કહ્યું છે કે, શહીદ થયેલા જવાનોને અમે નમન કરીએ છીએ. દેશ માટેની તેમની સેવા હંમેશા

● અનુસંધાન પાન-૭ પર

## હુમલામાં પાકિસ્તાનનો હાથ : નિષ્ણાતો

### બલૂચિસ્તાનના મુદ્દાને ઉઠાવાતા પાક નારાજ હતુ : મોદીની નીતિથી તાજેતરમાં પાકિસ્તાનની ઉંઘ હરામ થઇ ગઇ હતી

શ્રીનગર, નવીદિલ્હી, તા. ૧૮

જમ્મુ કાશ્મીરના ઉરી સેક્ટરમાં સેનાની છાવણી ઉપર કરવામાં આવેલા હુમલામાં ૧૭ જવાનોના આજે મોત થઈ ગયા હતા જેથી દેશભરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આ હુમલામાં પાકિસ્તાનની સીધી સંડોવણી રહેલી છે. સંરક્ષણ નિષ્ણાત એચઆર સિન્હોએ આ ઘટનામાં પાકિસ્તાનનો હાથ હોવાની વાત કરી છે. તેમનું કહેવું છે કે, બલુચિસ્તાનનો મુદ્દો ઉઠાવ્યા બાદ પાકિસ્તાન લાલઘૂમ થયેલું હતું જેથી નારાજ થઈને પાકિસ્તાને ભારતની સામે પ્રોક્સીવોરની શરૂઆત કરી છે. બીજી બાજુ પ્રદેશના નાયબ મુખ્યમંત્રી નિર્મલસિંહે ઘટના અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, સરકાર પાકિસ્તાન તરફથી જમ્મુ કાશ્મીરમાં ઘુસણખોરીને લઈને ખુબ જ ગંભીર છે. ભારતની સામે મોટુ કાવતરુ રચવામાં આવ્યું છે. આ વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યભરમાં હવામાન પલટાયુ તોફાની પવન સાથે વરસાદ

### અમદાવાદમાં ગાજવીજ સાથે વરસાદ : સૌરાષ્ટ્રમાં એકથી પાંચ ઈંચ વરસાદ

અમદાવાદ, તા. ૧૮

સૌરાષ્ટ્રભરમાં આજે ભારે વરસાદ થયો હતો. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં એકથી લઈને પાંચ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હોવાના અહેવાલ મળ્યા છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. કલાકોના ગાળામાં જ અનેક વિસ્તારોમાં પાંચ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. ભેંસાણમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થતાં ચારેબાજુ પાણી ભરાયા હતા. કુલ ૧૩૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. ગુજરાતમાં હજુ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે જેના કારણે તંત્ર ફરીએકવાર સાવધાન થઈ ગયું છે. મોનસુન પૂર્ણાહૂતિના આરે છે ત્યારે અંતિમ તબક્કામાં વરસાદની ફરીવાર એન્ટ્રી થઈ છે. દક્ષિણ પશ્ચિમ મધ્યપ્રદેશ અને આસપાસના ગુજરાત પ્રદેશ ઉપર સર્જાયેલા અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિના પરિણામ સ્વરુપે ભારે વરસાદ થઈ રહ્યો છે. આજે પણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ જારી રહ્યો હતો. સૌરાષ્ટ્રના જે ભાગોમાં આજે ભારે વરસાદ થયો હતો તેમાં અમરેલી, ભાવનગર, રાજકોટ,નો સમાવેશ થાય છે. જુનાગઢ જિલ્લામાં એકથી અઢી ઈંચ સુધીનો વરસાદ થયો છે. મેંદરડામાં અઢી ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. માળિયાહાટી અને માણવદરમાં બે ઈંચથી વધુ વરસાદ થયો છે. ભેંસાણ, જુનાગઢ, માંગરોળ અને વંથલીમાં બેથી ચાર ઈંચ સુધીનો વરસાદ થયો છે. રાજકોટ જિલ્લાના જેતપુર, ઉપલેટામાં વરસાદ નોંધાયો છે. વંથલી-જુનાગઢમાં વરસાદી માહોલ વચ્ચે વાવાઝોડુ ફુંકાયું હતુ જેથી અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા. વેરાવળ અને સોમનાથમાં પણ વરસાદ થયો છે. જુનાગઢ જિલ્લામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. રાજકોટ-જેતપુરમાં ટૂંકાગાળામાં સારો વરસાદ નોંધાયો છે. પોરબંદર અને આસપાસના વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદ થયો છે. અમરેલીમાં પણ સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ગીર સોમનાથમાં ભારે વરસાદ થયો છે. કોડીનારમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે. ખેડામાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ થયો છે. ખેડા, ડાકોર, કઠલાલમાં પણ વરસાદ નોંધાયો છે. ઉપરવાસમાં વરસાદના કારણે પણ તકલીફ વધી છે. હવામાન વિભાગ તરફથી ભારે વરસાદની ચેતવણી અપાઈ છે.


ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

One of India's largest life insurers*




ICICI PRUDENTIAL
LIFE INSURANCE

*By total premium in 2015-16 and assets under management as at March 31, 2016. Past performance is not indicative of future performance.

Disclaimer Clause of IRDAI: The IRDAI does not undertake any responsibility for the financial soundness of our Company or for the correctness of any of the statements made or opinions expressed in the RHP. Any approval by the IRDAI under the IRDAI Issuance of Capital Regulations shall not in any manner be deemed to be or serve as a validation of the representations by our Company in the offer document.

ICICI PRUDENTIAL LIFE INSURANCE COMPANY LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the RHP with the RoC, Mumbai. The RHP is available on the websites of SEBI, BSE, NSE at www.sebi.gov.in, www.bseindia.com and www.nseindia.com, respectively, and at the websites of the GCBRLMs at www.dspml.com and www.icicisecurities.com respectively and the BRLMs at www.india.clsa.com, www.db.com/India, www.edelweissfin.com, http://www.hsbc.co.in/1/2/corporate/equities-globalinvestment-banking, www.iiflcap.com, www.jmfl.com, www.sbicaps.com and www.ubs.com/indianoffers. respectively. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, see the section titled "Risk Factors" on page 24 of the RHP.

This announcement is not an offer of securities for sale in the United States. Any securities mentioned herein have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India any may not be offered or sold in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction. Such securities have not been and will not be registered under the US Securities Act of 1933, as amended ("U.S. Securities Act") or any state securities laws in the United States and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable United States securities laws.

© 2016, ICICI Prudential Life Insurance Company Limited. Registered Address:- ICICI PruLife Towers, 1089 Appasaheb Marathe Marg, Prabhadevi, Mumbai - 400025.

IRDAI Regn No. 105. CIN: U66010MH2000PLC127837. Call us on 1-860-266-7766 (10am-7pm, Monday to Saturday, except national holidays and valid only for calls made from India). Trade Logo displayed above belongs to ICICI Bank Ltd & Prudential IP services Ltd and used by ICICI Prudential Life Insurance Company Ltd under license. Advt No. H/IA/0761/2016-17.

BEWARE OF SPURIOUS PHONE CALLS & FICTITIOUS/FRAUDULENT OFFERS • IRDAI clarifies to public that • IRDAI or its officials do not involve in activities like sale of any kind of insurance or financial products nor invest premiums • IRDAI does not announce any bonus. Public receiving such phone calls are requested to lodge a police complaint along with details of phone call, number